

## (D - 82) ધાર તરવારની સોહ્યલી

### (શ્રી અનંતનાથસ્વામી સ્તવન)

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી,
ચૌદમા જિન તણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સૈવના-ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જિન સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભાવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦ ૭